પાગલ પત્રિકા નં. ૨.

સ્વર્ગસ્થ સુરજબાના સ્મરણાર્થે.

ૐ

સંવત્સરી મહોત્સવ.

આદર્શ-જીવન

યાને

બાળયોગી શિવાનંદજી.

વ્યાખ્યાતા—પા. પરમાનંદજી.

સુજ્ઞ મહાશય ગોવરધનભાઈ રણછોડભાઈ પટેલના સહાયથી
વિના મૂલ્યે વ્હેંચવા છપાવી પ્રસિદ્ધ કરનાર


પાગલ મંડળ-વસો.

સ્થળઃ—સોમનાથ મહાદેવ, ખેડા.

માઘ સુદી ૧૩ સં. ૧૯૮૨ મંગળવાર તા. ૨૬ જાન્યુ. ૧૯૨૬.

પ્રત ૨૦૦૦. આવૃત્તિ ૧ લી.

બાળયોગી શિવાનંદજી.



દેહવિલય સંવત ૧૯૮૧ના માઘ સુદી ૧૩
શુક્રવાર તા. ૬ ફેબ્રુઆરી સને ૧૯૨૫
સોમનાથ મહાદેવ, ખેડા.

S. P. Press, Umreth

॥ ॐ ॥

॥ ॐ गुरुः ॐ ॥

"आदर्श-जीवन."

मंगलाचरण.

यं शैवाः समुपासते शिव इति ब्रह्मेति वेदान्तिनो,
बौद्धा बुद्ध इति प्रमाणपटवः कर्तेति नैयायिकाः ।
अर्हन्नित्यथ जैनशासनरताः कर्मेति मीमांसकाः
सोऽयं नो विदधातु वांछितफलं त्रैलोक्यनाथो हरिः ॥

જેને શૈવજનો પુજે શિવ કહી, વેદાન્તમાં બ્રહ્મ જે,
બૌદ્ધો બુદ્ધ કહે, પુનઃ જૈનજનો અર્હંત તેને કહે;
માને જૈમિનિસૂત્રને અનુસરી, મીમાંસકો કર્મને,
કર્તા-સત્ય પ્રમાણશાસ્ત્રથી કહે નૈયાયિકો જેહને;
(શાંડિલ્યાદિ મહર્ષિઓ કહિ ગયા, જે સૃષ્ટિથી ભિન્ન છે,
સ્વામિ-સેવક ભાવ રાખી વિભુને શ્રદ્ધા થકી જે પુજે;
એવા દેવ અચિંત્ય સત્ય સઘળે, સત્તા થકી વ્યાપ્ત જે,)
પૂરો તે મનવાંછિતાર્થ સઘળા, ત્રૈલોક્યના નાથ જે.

રાગ-પીલુ-તાલ-દીપચંદી.

ગુરૂ હમ વારી,તોપર જાઉં, (૨)
દયાકે સાગર મેં તો શીશ નમાવું—ટેક.
મુજ પર દયા તેરી હોવે હો ગુરૂજી,
તો ક્ષણમેં ભવ-નિધિ તરજાઉં.—ગુરૂ૦
પરમાનંદ પર કરી ગુરૂ દયા,
જીવનમુક્તિકે ફલ પાઉં.—ગુરૂ૦

પૂર્વરંગ.

પદ. રાગ-ભીમપલાસી-તાલ-લાવણી.

કર ગુજરાન ગરીબીમેં, મગરૂરી કીસ પર કરતારે; ટેક.
નાશવંત વસ્તુ હૈ જગમેં, મમતા કયા તું ધરતારે. કર૦
મટ્ટી ચુન ચુન મહેલ બનાયા, ગંવાર કહે ઘર મેરારે;
ના ઘર તેરા ના ઘર મેરા, ચીરીયા રેન બશેરારે. કર૦
ઇસ દુનિયામેં કોઇ નહિ અપના, અપના અપના કહેતારે;
કચ્ચી મટ્ટીકા બના તું પુતલા, ઘડી પલકમેં ઢળતારે. કર૦
ઇસ દુનિયાકે નાટક ચેટક, દેખ ભટકતા શીરતારે;
કહેત કબીર સમજ લે મૂરખ, પ્રભુ નામ નહિ સ્મરતારે. કર૦

"धर्मार्थकाममोक्षाणां यस्यैकोऽपि न विद्यते ।
अजागलस्तनस्येव तस्य जन्म निरर्थकम् ॥"

"शुनःपुच्छमिव व्यर्थं जीवितं विद्यया* विना ।
न गुह्यगोपने दक्षं न च दंश निवारणे ॥"

અર્થ:—ધર્મ, અર્થ, કામ અને મોક્ષ, એમાંનું એક પણ જેણે સાધ્યું નહિ, તેનો જન્મ બકરીના ગળામાં રહેલા આંચળની માફક નિરર્થક છે. કુતરાનું પુંછડું તેની ગુહ્યેંદ્રિઓને ઢાંકવામાં, તેમજ ડાંસ ઉડાડવામાં સમર્થ હોતું નથી; તેમ વિદ્યા* વગરનું જીવન કુતરાના પુછડાની પેઠે વ્યર્થ છે.

માટે દુર્લભ મનુષ્ય શરીર મળ્યું છે, તો ઇશ્વર ભક્તિ-ઇશ્વર સ્વરૂપના જ્ઞાન રૂપ બ્રહ્મવિદ્યા મેળવવી જોઇએ. આ તક વારંવાર મળતી નથી કારણ કે શાસ્ત્રમાં પણ કહ્યું છે કેઃ—

"पुनर्वित्तं पुनर्मित्रं पुनर्भार्या पुनर्मही ।
एतत्सर्वं पुनर्लभ्यं न शरीरं पुनः पुनः ॥"

અર્થ:—મિત્ર, જર, જોરૂ અને જમીન એ સર્વ ફરી ફરી મળી શકે પરંતુ મનુષ્ય શરીર ફરી ફરી મળવાનું નથી.

માટે સંત સમાગમ અને ઇશ્વર ભક્તિ થઇ શકે તોજ મનુષ્ય શરીર મળ્યું સાર્થક ગણાય.

---

* અહિં વિદ્યાનો અર્થ બ્રહ્મવિદ્યા થાય છે. કેમકે ભગવાન શંકરાચાર્ય કહે છે કે "**विद्या हि का ब्रह्मगतिप्रदा या**" અર્થાત્ "વિદ્યા શું? તો બ્રહ્મગતિને પહોચાડે તે વિદ્યા." "**सा विद्या या विमुक्तये**" અર્થાત્ મુક્તિને માટે હોય તે વિદ્યા."

શાસ્ત્રમાં કહ્યું છે :—

" यदा कर्मार्जितं देहं निर्वाणे साधनं भवेत् ।
तदा शरीरवहनं सफलं स्यान्नचान्यथा ॥ "

અર્થ :—(પુણ્ય-પાપરૂપ) કર્મ વડે મળેલ મનુષ્ય શરીર મોક્ષ મેળવવામાં સાધન રૂપ થાય ત્યારેજ શરીર વહન સફળ થય, (નહિતર ગધેડા જેમ વૃથા ભાર વહે છે તેમ શરીર રૂપ ભારનું વહનવૃથાજ કહેવાય).

ગોસાંઇ **તુલસીદાસજી** કહે છે :—

" સુત દારા અરૂ લક્ષ્મી, પાપી કે ભી હોય,
સંત સમાગમ, હરિકથા, **તુલસી** દુર્લભ દોય. "

પદ. રાગ-સોરઠ-તાલ-ત્રિતાલ.

ભગવાન ભજી લ્યો ભાવે;
નહિ અવસર આવો ફરી આવે.—ટેક.

મનુષ્યજન્મ દેવો માગે છે. દુર્લભ અતિશે કહાવે,
પરમાનંદ ૐ ગુરૂ ૐ રટી, "આદર્શ-જીવન" પાવે-ભ૦

તો "આદર્શ-જીવન" શામાં છે ?-નિર્વાણમાં-મોક્ષ સાધનમાં, ઇશ્વર ભકિતમાં, સ્વરૂપ નિષ્ઠામાં, જીવનમુકિતમાં, સાધુતામાં. નહિ કે મોટા કુળ, માન કે પોઝીશનમાં, પાંડિત્યમાં, કવોલીફીકેશનમાં, બી. એ. એલ. એલ. બી. વિગેરે ડીગ્રીઓમાં.

માટે, પૂર્વે કહી ગયા,—

૫૬—" કર ગુજરાન ગરીબીમેં, મગરૂરી કીસ પર કરતાર."

આ **"આદર્શ-જીવન"** વિષય ઉપર પ્રત્યક્ષ તથા જ્વલંત દૃષ્ટાંત " **શિવાનંદજીનું** " છે.

આજના ઉત્સવ, એક આદર્શ પુરૂષનું જીવન બારીકાઈથી નિરીક્ષણ કરી, તેનું અનુસરણ કરી, આપણે પણ આપણું જીવન આદર્શમય બનાવવા કર્તવ્ય પરાયણ થઈએ અને આપણું નામ આદર્શ-પુરૂષોમાં નોંધાવીએ તે માટે છે. જો આપણે આદર્શ-પુરૂષોના જીવનની તપાસ તથા અનુસરણ કરીએ તોજ આપણે " આદર્શ-જીવન " પ્રાપ્ત કરી શકીએ, કે જેથી, આપણો મોક્ષ રૂપી પરમ પુરૂષાર્થ સિદ્ધ થાય. તો તે આદર્શ-પુરૂષ કોણ? " શિવાનંદજી " જેણે " આદર્શ-જીવન " પ્રાપ્ત કરી પરમ પુરૂષાર્થ મોક્ષને સિદ્ધ કર્યો.

બાળયોગી શિવાનંદજીને આપણે શા કારણથી " આદર્શ પુરૂષ " ગણ્યા તથા તેમનામાં રહેલા કયા કયા વિશેષ ગુણોને લઈ તેમનું જીવન આદર્શમય હતું, તેનો ટુંકમાં ઉલ્લેખ :—

૧. યોગભ્રષ્ટ—યોગભ્રષ્ટ પ્રતિપાદક ગીતા શાસ્ત્ર કહે છે કે :-

"प्राप्य पुण्यकृतांल्लोकानुषित्वा शाश्वतीःसमाः ।
शुचीनां श्रीमतां गेहे योगभ्रष्टोऽभिजायते ॥"
"अथवा योगिनामेव कुले भवति धीमताम् ।
एतद्धि दुर्लभतरं लोके जन्म यदीदृशम् ॥"

અર્થ:—(આ બે શ્લોકમાં બે જાતના યોગભ્રષ્ટનું કથન છે. એક સકામ અને બીજો નિષ્કામ. પહેલા શ્લોકમાં સકામનું કથન અને બીજા શ્લોકમાં નિષ્કામનું કથન). યોગભ્રષ્ટ (સકામ) પુણ્ય કરવાવાળાના લોકોને (સ્વર્ગાદિ) પ્રાપ્ત કરીને લાંબા વખત સુધી ત્યાં દિવ્ય ભોગો ભોગવીને પવિત્ર આત્મા (ભક્તિમાન) એવા શ્રીમંતને ઘેર જન્મ લે છે. "अथवा" મૂળ શ્લોકમાં 'અથવા' શબ્દથી, પહેલા શ્લોકમાં કથન કરેલા સકામ યોગભ્રષ્ટથી, બીજા શ્લોકમાં કથન કરેલ નિષ્કામ યોગભ્રષ્ટને જૂદો પાડે છે. નિષ્કામ યોગભ્રષ્ટ જ્ઞાનનિષ્ઠ યોગીઓના કુળમાં અવતરે છે. આ પ્રકારનો જન્મ આ લોકમાં (મૃત્યુલોકમાં) વધારે દુર્લભ (સકામ યોગભ્રષ્ટ કરતાં) છે.

સાધારણ મનુષ્ય-જન્મ કરતાં સકામ યોગભ્રષ્ટનો જન્મ દુર્લભ છે; અને સકામ યોગભ્રષ્ટ કરતાં નિષ્કામ યોગભ્રષ્ટનો જન્મ અતિ દુર્લભ [દુર્લભતર) છે. સકામ યોગભ્રષ્ટને શ્રીમંતાઇને લઇ, માયાના આવરણ હોવાથી પરમાર્થ માર્ગમાં અનુકુળતા જલદી મળી શકતી નથી, અને નિષ્કામ યોગભ્રષ્ટ તો જ્ઞાનનિષ્ઠ યોગી માતા પિતાને ત્યાં હોઇ, માયાનાં આવરણ ન હોવાથી, પરમાર્થ માર્ગમાં જલદી આગળ વધે છે; કેમકે તેને માતાપિતાના (ભક્તિના-યોગના-જ્ઞાનના) સંસ્કાર નાનપણથીજ લાગુ પડે છે.

પછી તો—

" तत्र तं बुद्धिसंयोगं लभते पौर्वदेहिकम् ।
यतते च ततोभूयः संसिद्धौ कुरुनंदन ॥ "

પછી તો-તે વર્તમાન શરીરમાં પૂર્વજન્મના જ્ઞાનના સંસ્કાર તેને પ્રાપ્ત થાય છે અને પછી ફરી સમ્યક્ સિદ્ધિને માટે યત્ન કરે

છે, એમ શ્રી કૃષ્ણ ભગવાન અર્જુનને "કુરૂનંદન" શબ્દથી સંબોધીને આ પ્રકારના યોગભ્રષ્ટમાં દાખલ કરે છે. હવે આપણે પણ શિવાનંદજીને શ્રીકૃષ્ણ ભગવાનના વાકય પ્રમાણે યોગભ્રષ્ટમાં દાખલ કરીએ, કારણ તેમનાં માતપિતા મારા જાણવા મુજબ અનન્ય રામભકત તથા વિવેકી હતાં, માટેજ તેમનામાં બાલ્યાવસ્થાથીજ અનન્ય ભકિત-સંસ્કાર હતા.

૨. **તીવ્ર વૈરાગ્યવાન**-આ પ્રકરણનાજ અનુસંધાનમાં પછીના શ્લોકમાં ગીતામાં શ્રી ભગવાન કહેછે કે, **પૂર્વાભ્યાસેન તેનૈવ ह्रियते ह्यवशोऽपि सः** ॥" અર્થ-તેજ પૂર્વાભ્યાસ વડે તે (યોગભ્રષ્ટ) અવશ છતાં પણ ખેંચાય છે. જેમકે રાજાના તબેલામાં સારા સારા ઘોડા બાંધેલા હોય, અને તેના પહેરામાં ચોક્કસ સીપાઇ રાખવામાં આવ્યા હોય, તોપણ હોશીયાર ચોર લાગ જોઇ (સીપાઇને નિદ્રાવશ જોઇને) તેજ ક્ષણમાં એક બે ઘોડા ઉપાડી જાય છે. બીજી ક્ષણે સીપાઇ જાગે છે તથા અશ્વ ગયેલા (ચોરાયલા) જુએ છે ત્યારે તેને ઘણો અચંબો લાગે છે. એવી રીતે યોગભ્રષ્ટને પણ પૂર્વ સંસ્કાર રૂપી ચોર, માયા રૂપી સીપાઇના ખબરદાર પહેરામાંથી, લાગ જોઇ ઉપાડી જાય છે. ઉપર પ્રમાણે સકામ યોગભ્રષ્ટ પૂર્વ સંસ્કાર વડે પરમાર્થ માર્ગમાં દોરાય છે, તો નિષ્કામની તો વાતજ શી! એ પ્રમાણે શિવાનંદજી પણ એક નાના સ્ટેટમાં (બંગાલામાં) પ્રાઇવેટ સેક્રેટરી જેવી માનનીય પદવી પર હોવા છતાં, અને સર્વ વૈભવ સંપન્ન હોવા છતાં, ઉપરામ વૃત્તિ તથા અનન્ય ભકિત ધરાવતા હતા. "પાસે છતાં તેમાં જે ઉપરામતા તેજ ખરો વૈરાગ્ય." સાર એ કે, જો યોગભ્રષ્ટ ન હોય તો એવો તીવ્ર વૈરાગ્ય તથા અનન્ય ભકિત ન સંભવે.

૩. નિરભિમાની.—બ્રાહ્મણ કુળમાં-કુલીન ઘરમાં જન્મ છતાં વર્ણાશ્રમ તથા કુળની શ્રેષ્ટતાનું અભિમાન ન હતું. ત્યાગાશ્રમમાં હોવા છતાં કેટલાક પૂર્વાશ્રમના સંસ્કાર છોડી શકતા નથી-વખતો વખત ઉદ્ભવે છે, તેમ શિવાનંદજીમાં ન હતું. પોતે જડભરત જેવા વિચરતા હતા.

૪. તીવ્ર મુમુક્ષુતા—ધર્મ, અર્થ, કામ અને મોક્ષ, ચાર પુરૂષાર્થમાંથી ધર્મ, અર્થ અને કામ, જે માયામાં ફસાવનાર છે તેને પદદલીત કરી પરમ પુરૂષાર્થ કેહ્નો જે મોક્ષ તેમાં આરૂઢ થયા.

૫. યોગશક્તિ-એમનામાં યોગશકિત પણ હતી. ભાવી પોતે જાણી શકતા. શિવાનંદજી જ્યારે દશ વર્ષના હતા ત્યારે તેમની ઉપરામ સ્થિતિ જોઇ તેમનાં માતપિતાએ તેમનાં લગ્ન કરવા આગ્રહ કર્યો અને સર્વ તૈયારી કરી, ત્યારે તેમણે તેમનાં માતપિતાને કહ્યું હતું કે "તમો શા માટે નકામાં ખર્ચ કરો છો ? કન્યા બે માસની અંદર ગુજરી જશે." થયું પણ તેમજ. બરાબર બે માસ પૂરા થતાં તેમનાં પત્ની દેવલોક પામ્યાં. અત્રે પણ છ માસ અગાઉથી ઘણાને કહેવા માંડયું હતું કે "મેરા શરીર માઘ માસમેં પડ જાયગા." જ્યારે બધા હસતા હતા, પરંતુ આખરે તે ખરૂં પડયું. સિદ્ધાંત કે તેઓ યોગભ્રષ્ટ હતા. તે વિના આવી બાબતો સાધારણ મનુષ્યમાં બને નહિ.

૬. અભણ છતાં પૂર્ણ બ્રહ્મનિષ્ઠા-દેહાધ્યાસનો અભાવ-તેનો પરિચય આપણને વિશેષ કરીને તેમના મંદવાડમાં થયો. ડબલ ન્યુમોનીઆ જેવો સખત રોગ હતો તોપણ તેમના મુખ પર જ્યારે જુઓ ત્યારે શાંતિજ હોય, અને પૂછવામાં આવે તો કહેતા કે "હું શુદ્ધ સ્વરૂપ છું; દુખ કે રોગ મારા સ્વરૂપમાં નથી." "આ

તો શરીરના ભોગ છે." "ભોગવ્યા સિવાય છૂટકો નથી" ઇત્યાદિ સ્વરૂપ નિષ્ઠાનીજ વાત કરતા. તેમનો ભારે મંદવાડ માત્ર એક અઠવાડીયું રહ્યો, તે દરમ્યાન જે જે વિદ્વાનો પણ તેમના સમાગમમાં આવ્યા તેઓ સર્વ તેમની સ્વરૂપનિષ્ઠા જોઇ અચંબો પામ્યા. "**અહં બ્રહ્માસ્મિ**" "ગુરૂ ૐ" "ૐ" વિગેરે મહામંત્રની ધૂન તેમના શ્વાસોશ્વાસમાં ચાલી રહી હતી. તેમની ગુરૂ ૐ, ૐ ની ધૂનથી હોસ્પીટલનો રૂમ કે જ્યાં તેમને રાખવામાં આવ્યા હતા તે ગાજી ઉઠ્યો હતો. આ ઉપરાંત બે એક વર્ષ અગાઉ તેઓ અત્રે આવેલ, ત્યારે તેમને સારણગાંઠ થઇ હતી, અને તેમને કલોરોફોર્મ સુંઘાડી શસ્ત્રોપચાર કરવા માંડયા હતા. કલોરોફોર્મની અસર તેમના પર બીલકુલ ન થવાથી તેમણે પોતેજ કલોરોફોર્મ વગર ઓપરેશન કરવા કહ્યું, અને બધું ઓપરેશન તદન શાંતિથી, પોતે નિદ્રા લેતા હોય તેમ અંતર્મુખ વૃત્તિ રાખી કરાવ્યું હતું. બસ. આનુંજ નામ **બ્રહ્મનિષ્ઠા**. ખરી સ્થિતિ. સાર કે ઇશ્વર પ્રાપ્તિ માટે શાસ્ત્રાભ્યાસના આગ્રહની ખાસ આવશ્યકતા નથી. ભણ્યા વિના પણ કેવળ ભજન પ્રતાપે પૂર્ણાવસ્થા-પૂર્ણ સ્થિતિ પ્રાપ્ત થઇ શકે છે. શાસ્ત્રાભ્યાસ કેટલીક વખત અધ્યાસરૂપ થઇ પડે છે. ભગવાન **ભાષ્યકાર** પણ કહે છે :-

"**देहवासनया जन्तोः शास्त्रवासनयापिवा ।**
लोकवासनया ज्ञानं यथावन्नैव जायते ॥"

અર્થ :—મનુષ્યને દેહવાસના, શાસ્ત્રવાસના અને લોકવાસનાએ કરીને સમ્યક્ જ્ઞાન ઉત્પન્ન થતું નથી.

કવિ દયારામ કહે છે :—

રાગ—માઢ.

"જો તું પુરાણ પઢેરે અઢારા,
જો તું શીખે સુને વારંવારા;
જો તું ઉપનિષદ્‌ને ગાવે,
તોયે ભક્તિની તોલ ન આવે".

કબીરજી પણ કહે છે :—

રાગ—પિલુ–તાલ–દીપચંદી.

" કાહેકું સીનતે પઢ પઢ ગીતા,
હરિ હરિ ભજતે સબ કુછ હોતા."–હરિ બોલો–હરિ બોલો૦

સ્વામી રામ કહે છે :—

" Realize your Divinity, and everything is done. " "તમારા ઇશ્વરત્વનો સાક્ષાત્કાર કરો. અને બધું થઇ ચુકયું છે (એમ સમજજો)"

સિદ્ધાંતમાં–શિવાનંદજી યોગભ્રષ્ટ હોવાથી, તેમનામાં પૂર્વ (યોગના) સંસ્કાર પ્રબળ હતા, જેથી શાસ્ત્રાભ્યાસ વિગેરે તુચ્છ સાધનરૂપ પ્રતિબંધકમાં ન પડતાં પૂર્ણ સ્થિતિએ જલદી પહોચ્યા.

૭. સંસાર ત્યાગ—"तस्य सर्वं हराम्यहम्" અર્થ-(જેના પર હું અનુગ્રહ કરૂં છું) "તેનું સર્વ હું હરી લઉ છું" આ ભગવદ્‌વાકય પ્રમાણે શિવાનંદજીને પણ એમજ થયું. તેમનાં

માતાપિતા, તેમની સ્ત્રી ગુજરી ગયા પછી, થોડા દીવસજ તેમની સંભાળ લેવા રહ્યાં. એક તરફ તેમનાં માતપિતાનાં એકાએક અવસાન અને બીજી તરફ જે રાજાને ત્યાં પોતે રહેતા હતા અને જેમને તે પિતા તુલ્ય ગણતા હતા, તેમનું એકાએક મરણ, એ બે ઘટનાઓ તેમના સંસાર ત્યાગનાં કારણ થઇ પડી. પૂર્વે કહ્યા પ્રમાણે યોગભ્રષ્ટને માયાનાં આવરણ દુર થતાં પરમાર્થ માર્ગમાં આગળ વધવા સર્વ અનુકુળતા થઇ પડે છે, તેમ શિવાનંદજીને પણ થયું.

૮. **અચળ શ્રદ્ધા**—"**श्रद्धावाँल्लभते ज्ञानं**" અર્થ-"શ્રદ્ધા વાળા જ્ઞાન મેળવે છે"-આ ગીતા વાકય પ્રમાણે તેમનામાં ગુરૂ અને વેદાન્ત વાકયોમાં "આ એમજ છે" (ગુરૂ અને વેદાન્ત વાકયો સહજ છે) એ પ્રકારની પ્રમારૂપા એટલે નિશ્ચયાત્મિકા-અપરોક્ષરૂપા આસ્તિકય બુદ્ધિ હતી.

૯. **આર્જવ**-(સરળતા) (Sincerity) તેમનામાં એટલી બધી સરળતા હતી કે તેમના સંસર્ગમાં આવ્યા હોય તેજ જાણી શકે. તેઓ હમેશાં બાળચેષ્ટા કરતા હતા. બાળકો પર પ્રીતિ ધરાવતા અને વખતો વખત તેમની સાથે બાળલીલા કરતા.

૧૦ **બ્રહ્મચર્ય**—પૂર્વાશ્રમમાં લગ્ન બાલ્યાવસ્થામાં થયાં, તેમાં બે માસમાં સ્ત્રી ગુજરી ગઇ, તે પછી તેમણે ફરીથી લગ્ન કર્યું નહિ, તેમ સ્ત્રી સંસર્ગથી બીલકુલ અળગા રહ્યા, એજ તેમની બ્રહ્મચર્ય-નિષ્ઠા બતાવે છે. ત્યાગાશ્રમમાં પણ તેઓ સ્ત્રી માત્રને માતૃદૃષ્ટિથી જોતા, અને સર્વ બેનોને નાની હોય કે મોટી હોય પણ "માતા" શબ્દથી બોલાવતા.

૧૧. ગુરૂ ભક્તિ—ગુરૂસેવા-મહિમા-ગુરૂ સેવા બુદ્ધિ તેમનામાં એટલી બધી હતી કે તાવ ચઢ્યો હોય, તો પણ સમય થાય એટલે ભીક્ષા માટે નીકળી જાય, અને કેવળ નજીકથી નહિ પરંતુ આસપાસનાં ગામડાંમાંથી પણ મધુકરી ભીક્ષા માગી લાવતા.

૧૨. સાધન-જપયજ્ઞ—"**यज्ञानां जपयज्ञोऽस्मि**" **અર્થ**:- "સર્વ યજ્ઞોમાં જપયજ્ઞ હું છું"—આ ગીતા વાકયથી જપની શ્રેષ્ઠતા ભગવાને પોતેજ જણાવી છે. "**तज्जपस्तदर्थभावनम्**" **અર્થ**:-"તે (પ્રણવ) નો જપ કરવો અને તેના અર્થની ભાવના કરવી (એટલે ધ્યાન કરવું)," આમ પાતંજલ યોગ સુત્રમાં પણ જપની શ્રેષ્ઠતા કથન કરી છે, કારણ કે આ પછી સુત્રમાં કહ્યું છે કે "**ततःप्रत्यक्‌चेतनाधिगमोऽप्यन्तरायाभावश्च ॥**" **અર્થ**:- "તેથી (જપ ને ધ્યાનથી) સાક્ષી ચૈતન્યનો સાક્ષાત્કાર અને વિઘ્નોનો અભાવ થાય છે." તે પ્રમાણે મહાભારતમાં પણ કહ્યું છે કે:—

"**जपस्तु सर्वधर्मेभ्यः परमो धर्मः उच्यते ।**
अहिंसया हि भूतानां, जपयज्ञः प्रवर्तते ॥"

અર્થ—સર્વ ધર્મ કરતાં, જપ શ્રેષ્ઠ ધર્મ કહેવાય છે, (કેમકે) જપ યજ્ઞ પ્રાણીઓની અહિંસાને લઇ શ્રેષ્ઠતાને પામે છે. અર્થાત્ જપયજ્ઞમાં કોઇ જાતની હિંસા ન હોવાથી શ્રેષ્ઠ છે. એ મુજબ શિવાનંદજીએ પણ જપની શ્રેષ્ઠતા સારી રીતે જાણી, અને અવસાન પર્યંત-છેલ્લા શ્વાસ પર્યંત-આ જપરૂપ સાધનને છોડયું નહિ.

૧૩. મોક્ષ વિષયક શાસ્ત્રોનાં પ્રતિપાદન—પોતે યોગ શાસ્ત્રનો અભ્યાસ કર્યો ન હતો તોપણ, તેમના અવસાનને આગલે

દિવસે યોગશાસ્ત્ર વિષયક ષટ્ચક્રનું ભેદન, વૃત્તિનું ઉત્થાન, અનાહત-નાદ શ્રવણ, જ્યોતિ દર્શન, અને આજ્ઞાચક્રમાં વૃત્તિની સ્થિતિ વિગેરે સર્વ હકીકત સ્વમુખે વર્ણન કરી હતી. વધુમાં કહ્યું હતું. કે "મારી વૃત્તિ આજ્ઞાચક્ર સુધી પહોચી છે, પરંતુ આગળ વધતી નથી" માટે "ગુરૂ કૃપાની ખાસ જરૂર છે." પ્રભુ કૃપાથી આજ્ઞાચક્રનું ભેદન થતાં બધો વખત અખંડ બ્રહ્માકાર વૃત્તિ રહી. એવી રીતે મોક્ષ વિષયક યોગશાસ્ત્રનું પ્રતિપાદન કર્યું. હવે ગીતામાં મોક્ષ પ્રતિપાદક કાળ આઠમા અધ્યાયમાં બતાવ્યો છે તેનો વિચાર કરીએ કે—

"अग्निर्ज्योतिरहः शुक्लः षण्मासा उत्तरायणम् ।
तत्र प्रयाता गच्छन्ति ब्रह्म ब्रह्मविदो जनाः॥"

અર્થ—અગ્નિ, જ્યોતિ, દિવસ. શુકલપક્ષ, તથા ઉત્તરાયણ-ના છ મહિનામાં મરણ પામેલા બ્રહ્મવેત્તાઓ બ્રહ્મને જઇ મળે છે. આ બધી વાત (દીવસ, શુકલપક્ષ તથા ઉતરાયણ) શિવા-નંદના મરણમાં મળતી આવે છે.

હવે ગીતાના તેજ અધ્યાયમાં મોક્ષ પ્રતિપાદક સાધન દર્શાવે છે.–

"ओमित्येकाक्षरं ब्रह्म व्याहरन्मामनुस्मरन् ।
यः प्रयाति त्यजन्देहं स याति परमां गतिम् ॥"

"अनन्यचेताः सततं यो मां स्मरति नित्यशः ।
तस्याहं सुलभः पार्थ नित्ययुक्तस्य योगिनः ॥"

"मामुपेत्य पुनर्जन्म दुःखालयमशाश्वतम् ।
नाप्नुवन्ति महात्मानः संसिद्धिं परमां गताः ॥"

અર્થ—નિર્વિકાર બ્રહ્મનો વાચક "ॐ" એ એકાક્ષર ઉચ્ચારી મારૂં સ્મરણ કરતાં કરતાં જે દેહનો ત્યાગ કરી નીકળી જાય છે, તે ઉત્તમ ગતિને પામે છે. (પરંતુ) હે પાર્થ ! એકાગ્ર ચિત્તે સદા સર્વદા સતત મ્હારૂં સ્મરણ કરનાર એવા નિત્યયુક્ત યોગીને (જ) હુ સુલભ છું. [પછીતો] પરમ સિદ્ધિને પામેલા મહાત્માઓ મને પ્રાપ્ત થયા પછી દુઃખનું સ્થાન અને અશાશ્વત એવા પુનર્જન્મને પામતા નથી. વળી-

अन्तकालेच मामेव स्मरन्मुक्त्वा कलेवरम् ।
यः प्रयाति स मद्भावं याति नास्त्यत्र संशयः ॥

અર્થ—જે અંતકાળે મારૂં સ્મરણ કરતાં કરતાં દેહ છોડે છે, તે મારાં સ્વરૂપમાં મળી જાય છે, એમાં સંશય નથી.

આ મુજબ મોક્ષ વિષયક શાસ્ત્રોનાં પ્રતિપાદન શિવાનંદજીના મરણમાં મળતાં આવે છે, અરે ! અક્ષરે અક્ષર મળતાં આવે છે. શાસ્ત્ર ભણ્યા ન હતા, પરંતુ પોતેજ શાસ્ત્રરૂપ હતા.

શિવાનંદજી આજ રોજ-શુકલ ત્રયોદશીને દીવસે દેવલોક પામ્યા હતા, અને ત્રયોદશીમાં જેમ ચંદ્રની તેર કળા પ્રસરી હોય છે, તેમ મેં મારી શક્તિ અનુસાર શિવાનંદજીના ગુણરૂપ ચંદ્રમાની તેર કળા ટુંકમાં વર્ણવી છે. અત્રેના એક સભ્ય જેમને તેમનો પ્રત્યક્ષ અનુભવ થયેલ, અને અવસાન કાળમાં પણ સાથે રહી બધી હકીકત અનુભવ કરી છે તેમના ઉદ્દગાર આ સાથે નોંધ્યા છે.